THE SCIENCE WORLD
A Monthly e Magazine
ISSN:2583-2212
Popular Article
January, 2026 Vol.6(1), 111-118

# જાણો જીવલેણ હડકવાને: તમારા સવાલોના સીધા જવાબ

[1] ડો. ભાવિન ગોસ્વામી, પશુચિકિત્સા અધિકારી, પશુદવાખાના-બેડ, તાલુકો- જામનગર, જીલ્લો-જામનગર
[2] ડો. સોહીલઅબ્બાસ મોમીન, પશુચિકિત્સા અધિકારી, પશુદવાખાના-મોરકંડા, તાલુકો-જામનગર, જીલ્લો-જામનગર
[3] ડો. પ્રતિક જોષી, પશુચિકિત્સા અધિકારી, પશુદવાખાના-ખડ ખંભાળિયા, તાલુકો- લાલપુર, જીલ્લો-જામનગર
Corresponding Author: ડો. પ્રતિક જોષી
DOI:10.5281/ScienceWorld.18362325

**જવાબ:** સૌ પ્રથમ તો હડકવાને અંગ્રેજીમાં રેબીસ (Rabies) તરીકે ઓળખવામાં આવે છે. હડકવા એ મનુષ્ય અને પ્રાણીઓમાં સૌપ્રથમ નોંધાયેલ ખૂબ જ ચર્ચિત ચેપી રોગ છે. હડકવા એ સસ્તન વર્ગના પ્રાણીઓમાં થતો ચેપી અને પ્રતિસંચારિત (Zoonotic) જીવલેણ રોગ છે. વિશ્વ આરોગ્ય સંગઠન (World Health Organization) મુજબ હડકવા રોગ બીજા પ્રાણીઓ જેવા કે ગાય, ભેંસ, ઘેટા અને બકરા તેમજ મનુષ્યમાં સામાન્ય રીતે ૯૫% કિસ્સાઓમાં હડકવાગ્રસ્ત કુતરાના કરડવાથી થાય છે. વિશ્વમાં સૌથી વધુ હડકવાના કેસ આપણા દેશમાં જોવા મળે છે અને તેનુ કારણ શેરીના રખડતા કૂતરાં છે. વિશ્વમાં હડકવાના લીધે થતા મૃત્યુમાંથી ૩૬ ટકા મૃત્યુ તો ફક્ત આપણા દેશમાં થાય છે. આ સિવાય દેશમાં પ્રતિ વર્ષ હડકાયા કૂતરાઓને કારણે આશરે 5726 લોકોનાં મોત થાય છે અને આશરે 91 લાખ લોકો વર્ષે પશુ કરડવાની ઘટનાના શિકાર બને છે, એમ ICMR દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જણાવવામાં આવ્યું છે. આ રોગના ૩૦-૬૦% કેસો ૧૫ વર્ષથી નાના બાળકોમાં જોવા મળે છે કારણકે બાળકોને કૂતરાઓ સાથે રમવાની મજા આવે છે, ઘણીવાર કૂતરું કરડી ગયા પછી પોતાના ઘરે જાણ કરતા હોતા નથી તેમજ કૂતરાં ગુસ્સે થાય તેની સમજ નાના બાળકોને પડતી નથી. આ રોગ થયા પછી જાનવર કે માણસને બચવાની કોઈ શક્યતા હોતી નથી એટલે કે આ રોગ મટાડવા માટેની કોઈ દવા હજી સુધી શોધાઈ નથી પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે આ રોગ ને રસીકરણ દ્વારા ૧૦૦%

અટકાવી શકાય છે. યાદ રાખજો, આ રોગ 'ઝૂનોટિક' છે, એટલે કે પ્રાણીમાંથી માણસમાં પણ ફેલાઈ શકે છે અને હડકવા વિશ્વની ગંભીર આરોગ્ય સમસ્યા છે. હડકવાની જાગૃતિ માટે વિશ્વમાં દર વર્ષે ૨૮ સપ્ટેમ્બરનો દિવસ “વિશ્વ હડકવા દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ 2030 સુધીમાં કૂતરાથી થતી આ હડકવા બીમારીને દેશમાંથી સમાપ્ત કરવાની દિશામાં સરકાર કામ કરી રહી છે. આ રોગના વિષાણુ ગાય, ભેંસ, ઘેટા, બકરા અને મનુષ્યમાં તેમજ જંગલી પ્રાણીઓમાં હડકવા કરે છે. આ રોગ સસ્તનવર્ગના પ્રાણીઓમાં ચેપી પ્રાણીની લાળના સંપર્કમાં આવવાથી થાય છે. માનવ/પશુ શરીરમાં દાખલ થયા પછી હડકવાના વિષાણું ચામડી નીચેના પેશીના અંદરના સ્તરમાંથી ૫ થી ૧૦૦ મીમી/દિનની ગતિએ આગળ વધે છે અને સ્નાયુ મારફત ફરતી ચેતાઓ જે કરોડરજ્જુ સાથે જોડાયેલી હોય છે તેમાં પ્રવેશે છે. એકવાર કોઈ એક ચેતાકોષમાં આવ્યા પછી વિષાણું ચેતાકોષ સાથે કરોડરજ્જુ તરફ સ્થાનાંતરિત થાય છે જયારે મગજમાં અંદરના કેન્દ્રીય ચેતાતંત્રમાં પહોચે છે ત્યારે સંક્રમિત વ્યક્તિ વર્તણૂંક ફેરફારો દર્શાવે છે આ સમય ગાળાને સેવનનો સમયગાળો (ઇન્ક્યુબેશન પીરીયડ) કહે છે જે સામન્ય રીતે થોડા દિવસોથી લઇને કેટલાક મહિનાઓ સુધી હોઈ શકે છે. આ રોગ હડકવાગ્રસ્ત વરુ, શિયાળ, વાંદરા, બીલાડી, ચામાચીડિયા અને નોળિયો કરડવાથી પણ થઈ શકે છે.

**પ્રશ્ન: હડકવા કઈ રીતે ફેલાય છે ?**

**જવાબ:** હડકવાના વિષાણું મુખ્યત્વે સસ્તન પ્રાણીઓના ચેતાતંત્ર (નર્વસ સિસ્ટમ) પર આક્રમણ કરે છે અને તે હડકવાગ્રસ્ત પશુની લાળ દ્વારા ફેલાય છે. જયારે હડકવાગ્રસ્ત પ્રાણી કોઈ વ્યક્તિને કરડે અથવા ખોતરે ત્યારે લાળ દ્વારા આ વિષાણું શરીરમાં પ્રવેશે છે. ઘણીવાર જખમો અથવા ચીરાઇ ગયેલ ચામડી પર ઉઝરડા થયેલ/તૂટેલી ચામડીને હડકવાગ્રસ્ત પ્રાણીના ચાટવા અથવા લાળના સીધા સંપર્કમાં આવવાથી પણ આ રોગ ફેલાઈ શકે છે.

**પ્રશ્ન: શું માત્ર કૂતરા જ હડકવા માટે જવાબદાર છે?**

**જવાબ:** એવું નથી કે માત્ર કૂતરા જ હડકવા માટે જવાબદાર છે. આ ઉપરાંત બિલાડીઓ, નોળિયા, શિયાળ, વરુ અને અન્ય માંસભક્ષક પ્રાણીઓ પણ હડકવા ફેલાવે છે. દક્ષિણ-પૂર્વ એશિયામાં મોટેભાગે માણસમાં થતા હડકવાના આશરે ૯૬ ટકા કિસ્સા માત્ર કૂતરાના કરડવાથી જ થાય છે, પરંતુ વળી અત્યંત જૂજ કિસ્સામાં વાંદરા અને ઉંદર કરડવાથી પણ હડકવા થતો હોય છે. ઘોડા અને ગધેડાઓમાં હડકવા થાય ત્યારે અતિ આક્રમક બને છે અને કરડવા દોડે છે જે સમય દરમિયાન ધ્યાન રાખવું જોઈએ. ગાય-ભેંસ હડકવાના રોગ દરમિયાન કરડતા નથી પરંતુ અતિ લાળસ્રાવ હોય તો સાવચેતી રાખવી હિતાવહ છે. ઘણીવાર પશુધન માલિકો હડકવાને પારખવામાં ભૂલ કરે છે અને તેને

ગળસૂંઢો, ખરવા-મોવાસા કે પછી ગળામાં અવરોધ (ચોકીંગ) સમજી માવજત દરમ્યાન પશુની લાળનો સંપર્ક થતા અને અજાણતા જ હડકવાના વિષાણુંનો ચેપ લગાડે છે.

**પ્રશ્ન: પશુને હડકવા થયો હોઈ તો કેવા લક્ષણો જોવા મળે છે ?**

**જવાબ:** પશુઓમાં હડકવા બે ફોર્મમાં જોવા મળે છે.

1. આક્રમક હડકવા (Furious Form):

- પશુ એકાએક સ્વભાવ બદલી નાખે છે. તે અત્યંત ગુસ્સામાં આવી જાય છે.
- ગમે તે વસ્તુ, પથ્થર કે માણસને શિંગડા મારવા કે બચકાં ભરવા દોડે છે.
- તેનું ભાંભરવાનું (અવાજ) બદલાઈ જાય છે, અવાજ બેસી ગયો હોય તેવું લાગે.
- તે સતત જમીન ખોતરે છે અને દિવાલ સાથે માથા પછાડે છે.

2. શાંત હડકવા (Dumb Form): આ વધુ જોખમી છે કારણ કે તે જલ્દી ઓળખાતો નથી.

- પશુના મોઢામાંથી સતત લાળ પડે છે.
- તેને ખાવા-પીવામાં તકલીફ પડે છે. પશુપાલકને લાગે કે પશુના ગળામાં કંઈક ફસાયું છે, અને તે હાથ નાખવાનો પ્રયત્ન કરે છે- આ સૌથી મોટી ભૂલ છે.
- પશુના પાછળના અંગો નબળા પડી જાય છે અને તે લથડિયાં ખાય છે.

**પ્રશ્ન: કૂતરાઓમાં હડકવાના લક્ષણો કયા હોય છે ?**

**જવાબ:** કૂતરામાં હડકવા થાય ત્યારે નીચે મુજબ લક્ષણો ધરાવે છે જેમાં સામાન્ય વર્તણૂકથી એકદમ અલગ હોય છે જેમ કે:

- કોઇપણ ઉશ્કેરણી વગર ચિડાવું બટકું ભરવું.
- અસામાન્ય વસ્તુઓ ખાવાનો પ્રયત્ન કરે જેમ કે લાકડુ, નખ, મળ, વગેરે.
- કોઈ કારણ વગર ચાલવું.
- ધ્વનિ અવાજમાં ફેરફાર થવો. ઘોઘરા ભસતા અને ઘોંઘાટવાળો અવાજ અથવા અવાજ કરવામાં અક્ષમતા.
- અતિશય લાળ પડવી ઝરવી અથવા મોંના ખૂણાઓ પર ફીણ બાઝવું પરંતુ હાઈડ્રોફોબિયા એટલે કે પાણીનો ભય કૂતરામાં જોવા મળતો નથી.

**પ્રશ્ન: શું હડકવા થયેલ પશુના દૂધ પીવાથી હડકવા થાય ?**

**જવાબ:** ના, હજુ સુધી એવા કોઈ આધારભૂત પુરાવાઓ સામે આવ્યા નથી જે સાબિત કરે કે હડકવા દૂધથી ફેલાય છે, પરંતુ આવું દૂધ પીવું હિતાવહ નથી. દૂધને બરાબર ઉકાળવાથી હડકવાના વિષાણુંઓ નષ્ટ પામે છે.

**પ્રશ્ન: જો પશુપાલક જુએ કે તેના પશુને રખડતું કૂતરૂં કરડ્યું છે, તો ઘરેલુ ઉપચાર કે દવાખાને જવામાં શું ધ્યાન રાખવું?**

**જવાબ:** સૌથી પહેલું કામ તો જખમની સફાઈ કરવી. જ્યાં કરડ્યું હોય તે ભાગને વહેતા પાણી (નળ નીચે) રાખીને કપડાં ધોવાના સાબુ (જેમાં કોસ્ટિક સોડા વધુ હોય) થી ૧૫-૨૦ મિનિટ સુધી ધોવો. આનાથી ૮૦% વાયરસ મરી જાય છે. ત્યારબાદ તુરંત નજીકના પશુ દવાખાને જઈને 'એન્ટી-રેબીઝ વેક્સિન (ARV)' ના પાંચ ડોઝનો કોર્સ શરૂ કરવો જોઈએ. તેમાં ૦, ૩, ૭, ૧૪ અને ૨૮મા દિવસે રસી આપવી ખૂબ જરૂરી છે અને એક પણ ડોઝ ચૂકવો જોઈએ નહીં.

**પ્રશ્ન: શું કુતરું કે બિલાડી કરડયા પછી સારવાર કરાવ્યા વિના માત્ર ૧૦ દિવસ સુધી આવા પ્રાણીઓનું નિરીક્ષણ જ કરવું પુરતું છે કે પછી સાથે તરત જ સારવાર કરાવવી ?**

**જવાબ:** જે દેશોમાં પ્રાણીઓના કરડવાથી હડકવા વધારે ફેલાતો હોય એવા દેશોમાં ફરજીયાત સારવાર તેમજ પોસ્ટ એક્ષ્પોઝર રસીકરણ કરાવી લેવું જ જોઈએ અને સાથે કરડેલ પ્રાણી શક્ય હોય તો નિરીક્ષણ હેઠળ ઓછામાં ઓછુ ૧૦ દિવસ રાખવું, અને આ સમયગાળામાં જો પ્રાણીમાં હડકવા થાય નહિ તો રસીકરણથી ભવિષ્યમાં આવા હડકવાગ્રસ્ત પ્રાણીઓ કરડે તો રક્ષણ પૂરું પાડશે જેથી રસીકરણ તો કરાવી જ લેવું જોઈએ.

**પ્રશ્ન: કૂતરું/રોગગ્રસ્ત પશુ કરડયા બાદ જખમ પર મરચું, હળદર કે પાટો લગાવી શકાય ?**

**જવાબ:** બિલકુલ ના. જખમ પર મરચું, હળદર કે તેલ લગાવવાથી વાયરસ નસોમાં વધુ ઊંડે ઉતરે છે. જખમને ખુલ્લો રાખવો અને ડોક્ટરની સલાહ મુજબ જ આગળની સારવાર કરવી.

**પ્રશ્ન: હડકવાનું નિદાન પશુઓમાં કઈ રીતે કરી શકાય ?**

**જવાબ:** હડકવાના નિદાન માટે સામાન્ય રીતે હડકવાના લાક્ષણિક ચિન્હો જ પૂરતા હોય છે, પરંતુ મરેલા પશુઓના મગજના નમૂનાઓ દ્વારા પ્રયોગશાળામાં નિદાન અમૂક પ્રકારના ટેસ્ટ દ્વારા થઇ શકે છે. જે નમુનાઓ પશુચિકિત્સા અધિકારી કે નિષ્ણાંત દ્વારા લેવામાં આવે તે આવશ્યક છે.

**પ્રશ્ન: શું હડકવાથી હંમેશા ૧૦૦ % મૃત્યુ થાય છે ?**

**જવાબ:** મનુષ્યમાં હડકવાનાં લાક્ષણિક ચિહ્નો ઉત્પન્ન થયા બાદ લગભગ હંમેશા ૧૦૦ % મૃત્યુમાં પરિવર્તિત થતો હોય છે. હડકાયુ કુતરુ કરડયા બાદ તાત્કાલિક રસીકરણ મળે તેવા કિસ્સામાં મૃત્યુની સંભાવના ઘણી ઓછી થઈ જાય છે.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
*Published 16/01/2026*

**પ્રશ્ન: પશુ કરડયા બાદ કેવા પ્રકારની પરિસ્થિતિઓમાં આપણે હડકવા વિરોધી રસી મુકાવવી જોઈએ ?**

**જવાબ:** જો હડકવા ગ્રસ્ત અથવા તો હડકવા હોવાની શંકા હોય એવું કુતરું/બિલાડું કે અન્ય પ્રાણી કરડે આવા સંજોગોમાં નીચે દર્શાવેલ પરિસ્થિતિમાં રસીકરણ ફરજીયાત કરવું જ જોઈએ.

જો કરડયા બાદ ચામડી તોડી એક ઊંડો ઘાવ બની લોહી નીકળતું હોય.

જો શરીરના કોઈ પણ સ્લેષ્મ પટલ અસરગ્રસ્ત પ્રાણીની લાળના સીધા સંપર્કમાં આવેલ હોય.

જો પ્રાણી કરડ્યું છે તે મરી ગયેલ હોલ, નિરીક્ષણ સમયગાળા દરમિયાન ભાગી ગયું હોય, હડકવાના લક્ષણો દર્શાવતું હોય અથવા પ્રયોગશાળા પરીક્ષણ દરમિયાન આવા પ્રાણીમાં હડકવાનું પરિણામ પોઝીટીવ (સકારાત્મક) આવેલ હોય તો.

**પ્રશ્ન: હડકવાગ્રસ્ત પશુઓના માંસ ખાવાથી હડકવા થઇ શકે કે કેમ ?**

**જવાબ:** જો હડકવાગ્રસ્ત પશુઓનું કાચુ માંસ ખાવામાં આવે તો રસીકરણ કરાવવું જરૂરી છે. સારી રીતે રાંધેલ કે પકવેલ માંસ ક્યારેય હડકવા ફેલાવતું નથી. પરંતુ હડકવાગ્રસ્ત પશુઓનું માંસ ખાવું સલાહભર્યું નથી. અત્યાર સુધી એવા કિસ્સાઓ માણસોમાં નોંધયેલ નથી કે હડકવાગ્રસ્ત પશુનુ માંસ ખાવાથી હડકવા થયેલ હોય.

**પ્રશ્ન: શું હડકવા વિરોધી રસીકરણ કરવાથી હડકવા થાય ?**

**જવાબ:** ના, માર્કેટમાં ઉપલબ્ધ બધીજ હડકવા વિરોધી રસીઓ નિષ્ક્રિય કરેલ વિષાણુંથી બનાવેલ હોય છે અને ઘણી બધી ગુણવત્તા ચકાસણીની (અસરકારકતા, કાર્યક્ષમતા, વિષકારકતા, અને સુરક્ષિતતા) પ્રક્રિયામાંથી પસાર થયા બાદ જ વેચાણ માટે ઉપલબ્ધ થાય છે છે, જેથી રસીઓથી હડકવા થવાની શક્યતા હોતી જ નથી.

**પ્રશ્ન: હડકવા થતો રોકવા અને અટકાવવા શું શું કરી શકાય ?**

**જવાબ:** ખાસ કરીને જયારે પાલતું કુતરા/બિલાડાઓ ઘર કે ઓફીસમાં રાખવામાં આવે ત્યારે જવાબદારી પૂર્વક એમનું નિયમિત રસીકરણ પશુચિકિત્સા અધિકારી/પશુ આરોગ્ય સાથે સંકળાયેલા અધિકારીઓના સંપર્કમાં રહીને અચૂક કરાવી લેવું જોઈએ. આવા રસીકરણનું પ્રમાણપત્ર સુરક્ષિત જગ્યાએ રાખવું જેથી વાર્ષિક રસીકરણ કરવામાં સરળતા રહે.

**પ્રશ્ન: પાલતું કુતરાઓમાં હડકવા વિરોધી રસીકરણ માટે આદર્શ નિર્ધારિત સમયસારણી શું છે ?**

**જવાબ:** પહેલા તો એવા કૂતરા પસંદ કરવા જેમાં નિયમિત રસીકરણ થયેલ હોય. માત્ર બચ્ચાઓ/ગલુડિયા નહિ પરંતુ એની માતાને પણ રસી આપેલ હોય જેથી રોગપ્રતિકારકશક્તિ માતા દ્વારા બચ્ચા/ગલુડિયાને મળી રહે.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
*Published 16/01/2026*

ગલુડિયાને ૩ મહિને પછી ૪ મહીને અને પછી એકવાર દર વર્ષે રસી આપવી એવી ભલામણ છે અને રસીકરણ કરાવતા પહેલા પરોજીવીવિરોધી દવા આપવી હિતાવહ છે જેથી રસીની અસરકારકતા વધારી શકાય.

જો શેરીનું પાળેલ કુતરું મોટી ઉંમરનું હોય તો બની શકે એટલું વહેલું રસીકરણ શરૂ કરી દેવું જોઈએ અને નજીકના પશુચિકિત્સકનો સંપર્ક કરવો.

**પ્રશ્ન: મનુષ્યમાં કૂતરું/રોગગ્રસ્ત પશુ કરડયાના કિસ્સામાં શું કરવું અને આગોતરી હડકવા વિરોધી રસી (પ્રી એક્ષ્પોઝર) અને પોસ્ટ એક્ષ્પોઝર રસી આપવા માટે આદર્શ સમયપત્રક શું છે ?**

**જવાબ:** જો કૂતરું/હડકવાગ્રસ્ત પ્રાણી બટકું ભરે/કરડે તેવા સંજોગોમાં : જખમ તુરંત જ પાણી અને સાબુ વડે એકધારો ૧૫-૨૦ મિનીટ સુધી ધોવો જોઈએ. સાબુ જો ઉપલબ્ધ ન હોય તો એકલા પાણી વડે પણ ધોઈ શકાય. તુરંતજ નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર જઈ પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઇડ) કરાવી જખમ ને સ્પીરીટ/ઇથેનોલ અથવા પોવીડોન-આયોડિન વડે ડ્રેસિંગ કરવું જોઈએ. શક્ય હોય એટલું વહેલું આવી વ્યક્તિને નજીકના સારવાર કેન્દ્ર પર લઇ જવું જેથી સારવાર વહેલી કરી શકાય.

આગોતરી હડકવા વિરોધી રસી (પ્રી એક્ષ્પોઝર): મનુષ્યમાં હડકવા સામે રક્ષણ મળી રહે તે હેતુથી આગોતરું રોગપ્રતિરક્ષણ મેળવવા માટે નીચે મુજબની સમયસારણી અનુસરવી (National Guidelines for rabies prophylaxis 2019, National Rabies Control Programme, National Centre for Disease Control)

આંતરપેશીના (Intramuscular) માધ્યમથી : એક ડોઝ ૦, ૭ અને ૨૧/૨૮માં દિવસે એમ ત્રણ ડોઝ, પછી દર વર્ષે એક ડોઝ આંતરચર્મ (Intradermal) માધ્યમથી : ૦.૧ મીલી ઉપરોક્ત સમયસારણી પ્રમાણે [4]. (૦ દિવસ એટલે રસી લીધાનો દિવસ)

**પ્રશ્ન: મનુષ્યમાં રોગગ્રસ્ત પશુ કરડયા બાદ હડકવા વિરોધી રસી (પોસ્ટ એક્ષ્પોઝર) આપવા માટે આદર્શ સમયપત્રક શું છે ?**

**જવાબ:** કૂતરું/રોગગ્રસ્ત પશુ કરડયા બાદ હડકવા વિરોધી રસી (પોસ્ટ એક્ષ્પોઝર): દેશમાં હડકવા વિરોધી રસીના આંતરપેશી (IM)/આંતરચર્મ (ID) ઉપયોગ માટે Drug Controller General of India (DCGI) દ્વારા મંજૂર કરાયેલ આ એકમાત્ર રેજીમેન નીચે મુજબ છે. (National Guidelines for rabies prophylaxis 2019, National Rabies Control Programme, National Centre for Disease Control)

આંતરપેશીના (Intramuscular) માધ્યમથી : એક ડોઝ ૦, ૩, ૭, ૧૪ અને ૨૮માં દિવસે એમ પાંચ ડોઝ લેવા.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 16/01/2026

આંતરચર્મ (Intradermal) માધ્યમથી : ૦.૧ મીલીના ૨ ડોઝ ૦, ૩, ૭ અને ૨૮માં દિવસે એમ ૪ દિવસ અને કુલ ૮ ડોઝ લેવા.

**પ્રશ્ન: હડકવા વિરોધી રસી લીધા બાદ કોઈ આડ અસર જોવા મળે કે કેમ ?**

**જવાબ:** હડકવા વિરોધી રસીકરણ કરાવ્યા બાદ હળવો તાવ, દુખાવો, ઇન્જેક્શનની જગ્યાએ ખંજવાળ અને સહેજ લાલાશ અમુક કિસ્સાઓમાં જોવા મળી શકે છે. સામાન્ય લક્ષણો જેમ કે, માથાનો દુખાવો, તાવ અને ફ્લુ જેવી અનુભૂતિ અમુક કેસમાં જોવા મળતી હોય છે જે થોડા સમય પૂરતી જ હોય છે અને પોતાની રીતે જ મટી જતી હોય છે જેથી ગભરાવાની જરૂર રહેતી નથી.

**પ્રશ્ન: હડકવા વિરોધી રસીની સાથે જે હ્યુમન રેબીઝ ઈમ્યૂનોગ્લોબ્યુલીન (HRIG) આપવામાં આવે છે તે શું છે અને તેની હડકવા રોકવામાં શું ભૂમિકા હોય છે ?**

**જવાબ:** સામાન્ય રીતે માનવ શરીરમાં જયારે કોઈ જીવાણું/વિષાણું દાખલ થાય ત્યારે શરીરની રોગપ્રતિકારક શક્તિ એમને નિષ્ક્રિય બનાવવાની કે મારવાની કામગીરી કરે જેમાં બે અલગ અલગ પ્રક્રિયાઓ ભાગ ભજવે છે. એક તો એ બહારથી જ સ્રાવીત સ્લેષ્મ દ્વારા અંદર આવે જ નહિ અને આવે તો લોહીમાં રહેલ શ્વેતકણો એને નષ્ટ કરવાનો પ્રયત્ન કરે અને સાથે સાથે એ રોગપ્રતિકારક એન્ટીબોડી (પ્રતિરક્ષણકાય)નું ઉત્પાદન ચાલુ કરે જે એક જટિલ પ્રક્રિયા દ્વારા આવા બહારથી ઘુસતા તત્વોને તોડી પાડે છે. કૃત્રિમ રીતે જો રસી દ્વારા કોઈ વિષાણું કે તેના ભાગને શરીરમાં દાખલ કરવામાં આવે તો એ પણ આવી એન્ટીબોડીના ઉત્પાદનને પ્રેરે છે જેને ઈમ્યુનોગ્લોબ્યુલીન પણ કહેવાય છે. હ્યુમન રૈબીઝ ઇમ્યુનોગ્લોબ્યુલીન (HRIG) એ આવા જ માનવ દાતાઓ પાસેથી લોહીમાંથી લીધેલ આવા એન્ટીબોડીનો ભાગ છે. જેને રેબીઝ રસીના બહુવિધ ડોઝ મળ્યા છે અને જેના શરીરમાં ઉચ્ચ પ્રમાણમાં એન્ટિ-રેબીઝ એન્ટિબોડી છે, એવા વ્યક્તિઓના લોહીમાંથી લીધેલ એન્ટીબોડી જેને હ્યુમન રેબીઝ ઇમ્યુનગ્લોબ્યુલીન (HRIG) કહે છે જે એવા દર્દીને આપવામાં આવે છે જેને તાજેતરમાં જ કુતરું કરડ્યું છે અથવા તો કરયાના ઘાવ આજુબાજુ આવા HRIGનું ઇન્જેક્શન આપવામાં આવે છે જેથી ત્વરિત થતો હડકવા અટકાવી શકાય. સામાન્ય રીતે જયારે પોસ્ટ-એક્સ્પોઝર રસીકરણ ચાલુ હોય તો આવા ઈમ્યુનોગ્લોબ્યુલીન એ ૦ (ઝીરો) દિવસે અને સાતમા દિવસે આપી શકાય ત્યારબાદ આવા ઈમ્યુનોગ્લોબ્યુલીન આપવા બંધ કરવા પડે નહીતર એ રસીકરણ પ્રક્રિયામાં અવરોધરૂપ બને છે.

**પ્રશ્ન: હડકવાના રોગમાં બાળકોને કૂતરા વિષે વાલીઓ/વડીલોએ શું સલાહ આપવી જોઈએ ?**

**જવાબ:** મોટાભાગે હડકવા બાળકોમાં વધારે જોવા મળે છે કારણ કે બાળકો શેરીના કૂતરાઓ સાથે રમતા તેમજ છંછેડતા હોય છે. જેથી બાળકોને કૂતરાઓ વધુ પ્રમાણમાં કરડે છે અને વધુમાં બાળકો આવા કિસ્સામાં વાલીઓને દરેક વખતે જાણ કરતા નથી, જેથી બાળકોને સલાહ આપવી કે ગલીના

શેરીના કૂતરાઓ સાથે રમવું નહિ અને તેમને છંછેડવા નહિ અને જો કુતરું/ગલુડિયું કરડે તો ભલે લોહી ન નીકળ્યુ હોય કે ઘાવ પણ થયો ન હોય છતાં પણ વાલી-વડીલોને જાણ કરવી અને બાળકને જરૂરિયાત મુજબ રસીકરણ કરાવવું.

**સંદર્ભ:**

હડકવા- વારંવાર પૂછતાં પ્રશ્નો અને જવાબો, વેટેરીનરી માઈક્રોબાયોલોજી વિભાગ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય, આણંદ.

https://www.who.int/india/health-topics/rabies

Estimates of the burden of human rabies deaths and animal bites in India, 2022-23: a community-based cross-sectional survey and probability decision-tree modelling study. Lancet Infect Dis. 2025 Jan;25(1):126-134. doi: 10.1016/S1473-3099(24)00490-0. Epub 2024 Sep 30. PMID: 39362224.

National Guidelines for rabies prophylaxis 2019, National Rabies Control Programme National Centre for Disease Control.

Training Module on Rabies for Medical Officers, National Centre for Disease Control.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com

*Published 16/01/2026*